
# ‘ભ્રષ્ટાચાર’ની આપણી વ્યાખ્યા શી ?

**આ** લેખના આરંભમાં જ સોગંદ પૂર્વક જાહેર કરું છું કેઃ આ લેખમાં અન્ના હજારે વિશે કંઇ જ નહીં લખું, કારણ આપણે ક્રિકેટનો વર્લ્ડકપ જીત્યા પછી ક્રિકેટ વિષે એટલું બધું લખ્યું ને ચર્ચ્યું કે એક સંવેદનશીલ ચા-રેંકડી ધારકે બેનર લગાવવું પડ્યું કેઃ 'અહીં ક્રિકેટની ચર્ચા કરવી નહીં. હવે હદ થઇ, ધંધો કરવા દ્યો...' !! વર્લ્ડ કપમાંથી જરાક કામ ધંધે વળ્યા ત્યાં દિલ્હીનાં જંતર મંતર ખાતે એક 'આધુનિક ગાંધી' ઉપવાસ પર બેઠાને આપણને નવો મુદ્દો મળ્યો, ચર્ચા કરવાનો...! ભગવાનની કૃપાથી મામલો વહેલો આટોપાયો અને આપણે અન્ના હજારેના નામે હવે રોજરોજ નવાં ગતકડાં પેશ કરવા લાગ્યા !! ભારત ગજબનો દેશ છે હો, ગમે તેવાને ચઢાવી ય જાણે ને ધારે ત્યારે પછાડી ય જાણે.. સાચી લોકશાહી તો અહીં જ છે, કારણ ગમે તેવો ચમ્મરબંધી રાજકારણી સત્તા પર બેઠો હોય ત્યારે ભલે હુંકાર કરે, પણ જેવી ચૂંટણી નજીક આવે કે તરત પ્રજા પાસે જઇ પૂંછડી પટપટાવવા લાગે, એ નક્કી... લોકશાહીની આ જ તાકાત છે ને ? શ્રી અન્નાજીને એટલો પ્રબળ ટેકો મળ્યો કે શાસકોને આંખે અંધારાં આવી ગયાં. વાતનું વતેસર થાય તે પહેલાં તો સમય નામનો પાણો વચ્ચે નાખી વાતનું જોર ઘટાડી નાખ્યું. મેનેજમેન્ટનો સિદ્ધ થયેલો સિદ્ધાંત છેઃ' ઇફ યુ કાન્ટ ડુ ઇટ, ડીલે ઇટ ઓર ડેલીગેટ ઇટ ઓર ડમ્પ

દેવા પડે અને દેશી દારૂની કોથળી વેંચનારે પણ છેક ગૃહખાતાં સુધી હપ્તા ખવરાવવા પડે છે, એવું આ દેશમાં, હજી નહીં જન્મેલું બાળક પણ જાણે છે ! 'કરપ્ટ' શબ્દનો શબ્દકોષીય અર્થ સ્પષ્ટ છેઃ બગડેલું, સડેલું, નીતિભ્રષ્ટ, લાંચિયું... ભ્રષ્ટ કરવું તે ભ્રષ્ટાચાર... હવે, વાત અહીં આવીને અટકે છેઃ ભ્રષ્ટાચાર એટલે શું માત્ર નાણાંની લેવડદેવડથી જ થતો આચાર ?? નીતિ-નિયમ મુજબ કરવાનું થતું કામ ન કરીને, નાણા પડાવે અને પછી તે જ કામ કરે તેને આપણે ભ્રષ્ટાચાર કહીશું, ખરું ને ? જંતર મંતર પર ઉમટી પડેલાને મન તો ભ્રષ્ટાચારની વ્યાખ્યા આટલી જ ને ? નાણા પડાવે તે કરપ્ટ ગણાય તો નાણા આપે અને વચ્ચે રહી નાણા આપવાનું ગોઠવી આપે તે કરપ્ટ ખરા કે નહીં ?

એક કોર્પોરેટ મેનેજમેન્ટ ફર્મના એકાઉન્ટન્ટને, તેના જ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સી.એ.) દ્વારા વારંવાર કહેવાયું કેઃ તમારી ફર્મનું છેલ્લા ત્રણેક વર્ષનું ટેકસ રિફંડ મંજૂર થઇ ગયું છે, પણ તે રિફંડના ચેક મેળવવા માટે વર્ષ દીઠ પાંચ હજાર રોકડા આપવા પડશે !' મેનેજમેન્ટ ફર્મના સી.ઇ.ઓ. પ્રેક્ટીકલ ખરા પણ તેણે તેના સી.એ.ને ફોન લગાવી પૂછયુંઃ 'ઇન્કમટેકસ ડિપાર્ટમેન્ટમાં પૈસા દો તો જ રિફંડનો એક ચેક મળે તેવું તમે મારા સી.એ. હોવા છતાં મને સમજાવો

જેટલું મોડું આવે, એટલું વ્યાજ મને સરકારે ચૂકવવું પડે. મારે રિફંડ જોઇતું જ નથી, ભલે ને દસ વર્ષે આવે ?' વાત સાંભળીને સી.એ. સાહેબ સીયાંવીયાં થઇ ગયા અને કરગરવા લાગ્યાઃ તમે એક વાર રિફંડના ચેક માટે પૂછો અને ફોલોઅપ કરો એટલે તમારે ઉપરનાં પૈસા તો દેવા જ પડે... સાહેબ, તમે નહીં દો તો મારે પણ ખિસ્સામાંથી




## સમયની આરપાર

ડો. ભદ્રાયુ વછરાજાની

email: bhadrayu@rediffmail.com

દેવા જ પડશે, નહીં તો તમારું તો ઠીક પણ અમારી ફર્મનું એકેય કામ પછીથી નહીં થાય.' પછી શું થયું, તેની ચિંતામાં પડયા વગર આ વાતને અહીં અટકાવું છું. પણ ખરેખર વાત અહીં અટકતી નથી, અહીંથી શરૂ થાય છે !! રિફંડના



યોગ્ય છે તેવું સિદ્ધ કરે, ચાર-પાંચ વર્ષે નાણા આઇ.ટી. ખાતું છૂટ્ટા કરે અને તેના માટે પાછા' ઉપરનાં પૈસા' આપવા પડશે તેવું સી.એ. મહાશય તમને સમજાવે ! આખી વ્યવસ્થાને જ આપણે ભ્રષ્ટ રીતે નથી ગોઠવી ?

'જે હોદ્દા પર હું બેઠો છું, તે હોદ્દા પરથી જે કામ કરવાની મારી ફરજ છે તેમાં હું લેશમાત્ર દગડાઇ કરું તો હું ભ્રષ્ટાચારી છું...' આ વ્યાખ્યામાં નાણું જ વચ્ચે આવે તો જ હું ભ્રષ્ટાચારી ઠરું તેવું ભારત દેશમાં માનવામાં આવે છે, જે સરાસર ગલત છે. અને એ જો સ્વીકારીએ તો આપણે સૌ થોડા ઘણાં અંશે ભ્રષ્ટ લોકો છીએ.

આવકારતો નથી- તેને લાંબો સમય બેસાડી રાખું છું-સરખો જવાબ આપતો નથી- તેને ધક્કા ખવરાવવાનું ચૂકતો નથી, મહિને ત્રણ-ચાર વખત સાંજ પડે ઉઠમણું/બેસણું/પ્રાર્થના સભાનું બહાનું કાઢી વહેલો શાકભાજી લેવા જતોરહું છું, ચાલુ નોકરીએ પાંચ-છ વખત ચા પીવા કે નાસ્તો કરવાના બ્હાને આંટાફેરા કરું છું, (સચિવાલય કે બહુમાળી ભવનનો કર્મચારી હોઉં તો તો કામ કરાવવા આવનારના પૈસે દાળવડાં કે ખારી ખાવાનું હું ચૂકતો નથી) ઓફિસના કાગળ-પેન- પેન્સિલ -સ્ટેશનરી ઘરનાં છોકરાવ માટે બિન્દાસત પણે લઇ જઉં છું, નોકરીમાં હાજરી પૂરી મારા સંપ્રદાયના ધર્મસ્થાનની કે સમાજ સેવાની કે મંડળ-કમંડળની સેવાપ્રવૃતિઓમાં સમય ગાળું છું... કસ્ટમર સામે ઉભો હોય તેની દરકાર કર્યા વગર મોબાઇલ પર વાતોકરું છું કે ઓફિસનાં કોમ્પ્યુટર પર પાનાં રમું છું કે પછી પાન-માવાનો ડૂચ્ચો ભરી ઓફિસની ડસ્ટબિનમાં થૂંકયા કરું છું કે પછી કાર્યાલયની ગાદીઓ પાથરી આરામ ફરમાવું છું અથવા તો અર્ધી કલાકની જમવાની રિસેસની તૈયારી કરવામાં એક કલાક અને જમ્યા પછીની હળવાશની બીજી અર્ધી કલાક પ્રેમથી ભેળવી રોજ બે'ક કલાક ફરજમાંથી કાતરી લઉં છું...!! યાદી બહુ લાંબી બને તેમ છે અને વિવિધતા સભર પણ બને તેમ છે અને જો આપણે અહીં

અજાણ્યે જે નીતિ-નિયમોથી બદ્ધ થયા તેનાથી ચલિત થવું તે કરપ્શન કે ભ્રષ્ટાચાર છે.' બોલો, આ વ્યાખ્યાને ભ્રષ્ટાચારની આપણી વ્યાખ્યા તરીકે સ્વીકારીશું ? અને જો સ્વીકારીએ તો, ચાલો આપણે સૌ યાદી બનાવી જાત મેળે નક્કી કરીએ કેઃ આપણે કેટલી માત્રામાં ભ્રષ્ટાચારીઓ છીએ ? આપણને જવાબ મળશેઃ

*અપને આપકો જિન્દા રખના*
*કિતના મુશ્કિલ હૈ,*
*પથ્થર બિચ આયના રખના*
*કિતના મુશ્કિલ હૈ !*

આપણને કોઠે પડી ગયું છે આ બધું. આપણી ગળથૂંથીમાં પાવામાં આવી રહ્યું છે અનીતિમય હોવું. મારું ભૂલકું ગેરકાયદે ફીટ કરેલી ગેસકીટ વાળી મારુતિવાનમાં ઠાંસોઠાંસ ખડકાયને સ્કૂલે જાય છે. મારું બાળક મને સાંજે કહે છેઃ આજે અમારા ડ્રાયવર અંકલને પોલીસે રોકયા, બહુ માથાકુટ કરી, પછી અમારા ડ્રાયવર અંકલે સો રૂપિયા પોલીસ અંકલના ખિસ્સામાં મુકયા એટલે અમારી વાન ઉપડી અને વાન ઉપડી એટલે અમે બધાએ 'જય હો... જય હો'નું ગીત જોશથી ગાયું !! હમણાં દક્ષિણ ગુજરાતની એક બી.એડ્ કોલેજ (ગ્રાંટેડ)નું સુવેનિર બહાર પડયું છે. તેમાં નીતિમત્તા અને મૂલ્ય શિક્ષણ પરના લેખો છે અને છેલ્લે ફોટાઓ છે. પાંચ બી.એડ્.ના તાલીમાર્થીઓના પણ રંગીન ફોટા નામ સાથે છે. તેઓની સિદ્ધિ શી છે, ખબર છે ? આ

છટ... સોનિયાજી અને મનમોહનજી વિચક્ષણ સાબિત થયાં. એમણે હાલ તો મામલાને ‘ડીલે’ કરી સમિતિને ‘ડેલિગેટ’ કર્યો, આગળ જતાં કદાચ આખી વાત ‘ડમ્પ’ પણ થઇ જાય !? આ તો રાજકારણ છે ભાઇ, એમાં તો રાજ કરવાનું કારણ મળવું જોઇએ, બસ...

મૂળમાં છે શબ્દઃ ‘ભ્રષ્ટાચાર’ એટલે કે ‘કરપ્શન’ ભિખારીએ પણ શાંતિથી ભિખ માંગવા માટે હપ્તા છો તો તમે કોના વતી કામ કરો છો, અમારી ફર્મ વતી કે પેલા આઇ.ટી.ના કરપ્ટ કર્મચારી વતી ?’ સી.એ. જેવડી મોટી ડિગ્રી ધરાવતા એ પ્રોફેશનલે લાંબુ ભાષણ કરી દેશની હાલની ભ્રષ્ટ નીતિઓની ઝાટકણી કાઢી અને પૈસા આપ્યા વગર કામ નહીં જ થાય તેવી શ્રદ્ધા (?) વ્યકત કરી, પેલા સી.ઇ.ઓ.એ સી.એ. મહાશયને સુણાવી દીધુંઃ ‘જુઓ મિસ્ટર, રિફંડ ચેકને છૂટ્ટો કરવા માટે થોડા રૂપિયા માંગતો પેલો કલાર્ક કરપ્ટ છે ? કે મસ મોટી ડિગ્રી ધરાવતો અને કરપ્શનની આખી ચેઇનને ચાલતી રાખનારો સી.એ. કરપ્ટ છે ? કે પછી આખી સિસ્ટમ કરપ્ટ છે ? વ્યવસાય કે ધંધો કરનાર ટી.ડી.એસ.નાં નાણાની કપાત કરે, સામે ચાલીને બેંકમાં ભરે, વર્ષાન્તે ઓડિટ કરાવી તે નાણા પરત મળવા

આંચકો લાગ્યો ને ? કડવું સત્ય ન ગમ્યું ? તો વાંચો આ યાદી. હું કર્મચારી છું અને કર્મચારી છું તેથી મારે નોકરીના નીતિ નિયમોનું પાલન કરવાનું છે. હું નિયમિત રીતે અનિયમિત છું, સમયસર ફરજ પર જતો નથી, કોઇ નોંધ લેનાર ન હોય તો પૂરો સમય ફરજ પર હાજર રહેતો નથી, મારી પાસે કોઇ કામ લઇને આવે તો હું તેને આદરથી વળાવ્યા તે કર્મચારી સરકારી ખાતું કે નેશનલાઇઝડ બેંકનો કર્મચારી હોય તો તો કામચોરીની ન પૂછો વાત... સાહેબ, આ દગડાઇ કે આ કામચોરી ભ્રષ્ટાચારની વ્યાખ્યામાં આવે કે ન આવે ? આમાં ભલે કયાંય નાણું વચ્ચે ન આવ્યું છતાં આ બધું ભારોભાર ભ્રષ્ટાચાર છે. ઓકસફર્ડ ડિક્ષનેરી ‘કરપ્ટ’ એટલે ‘નીતિભ્રષ્ટ‘ અર્થ કરે છે...’ તમે કોઇ કામ સ્વીકારતી વખતે જાણે-

સુવાનર (વાચક અંક) માટે વધુમાં વધુ જાહેર ખબરો ઉઘરાવી લાવનાર તાલીમાર્થીઓમાં મોખરે રહેનાર આ પાંચ તારલાઓ છે !? હવે, બોલો પેલું ભૂલકું કે બી.એડ. થઇ કાલે શિક્ષક થઇ જનારને ભ્રષ્ટાચાર શીખવવાની કોઇ અલગ વ્યવસ્થાની જરૂર છે !!? આપણી રગેરગમાં-નસેનસમાં ભ્રષ્ટાચાર વ્યાપ્ત છે, ત્યારે કેટલા અન્ના હજારે જોઇશે ?

(ફૂલછાબ)

SAGAR
PAGE NO.
DATE: / /

## → 'ભ્રષ્ટાચાર'ની આપણી વ્યાખ્યા શી ? ←

ડૉ. ભદ્રાયુ વછરાજાની email: bhadrayu2@gmail.com

આ લેખના આરંભમાં જ સોગંદપૂર્વક જાહેર કરું છું કે: આ લેખમાં શ્રી અન્ના હજારે વિશે કંઈ જ નહીં લખું, કારણ આપણે ક્રિકેટનો વર્લ્ડ કપ જીત્યા પછી ક્રિકેટ વિષે એટલું બધું લખ્યું ને ચર્ચ્યું કે એક સંવેદનશીલ ચા-રેંકડીધારકે બેનર લગાવવું પડ્યું કે: 'અહીં ક્રિકેટની ચર્ચા કરવી નહીં.. હવે હદ થઈ, ધંધો કરવા દો..' !! વર્લ્ડકપમાંથી જરાક કામ ધંધે વળ્યા ત્યાં દિલ્હીનાં જંતર મંતર ખાતે એક 'આધુનિક ગાંધી' ઉપવાસ પર બેઠા ને આપણને નવો મુદ્દો મળ્યો, ચર્ચા કરવાનો..! ભગવાનની કૃપાથી મામલો વહેલો આટોપાયો અને આપણે અન્ના હજારેના નામે હવે રોજરોજ નવાં ગતકડાં પેશ કરવા લાગ્યા !! ભારત ગજબનો દેશ છે હો, ગમે તેવાને ચઢાવી ય જાણે ને ધારે ત્યારે પછાડી ય જાણે.. સાચી લોકશાહી તો અહીં જ છે, કારણ ગમે તેવો ચમ્મરબંધી રાજકારણી સત્તા પર બેઠો હોય ત્યારે ભલે હુંકાર કરે, પણ જેવી ચૂંટણી નજીક આવે કે તરત પ્રજા પાસે જઈ પૂંછડી પટપટાવવા લાગે, એ નક્કી.. લોકશાહીની આ જ તાકાત છે ને ?. શ્રી અન્નાજીને એટલો પ્રબળ ટેકો મળ્યો કે શાસકોને આંખે અંધારાં આવી ગયાં. વાતનું વતેસર થાય તે પહેલાં તો સમય નામની ચાળણી વચ્ચે નાખી વાતનું જોર ઘટાડી નાખ્યું. મેનેજમેન્ટનો સિદ્ધ થયેલો સિદ્ધાંત છે: 'ઈફ યુ કાન્ટ ડુ ઈટ, ડીલે ઈટ ઓર ડેલિગેટ ઈટ ઓર ડમ્પ ઈટ'.. સોનિયાજી અને મનમોહનજી વિચક્ષણ સાબિત થયાં.. એમણે હાલ તો મામલાને 'ડીલે' કરી સમિતિને 'ડેલિગેટ' કર્યો, આગળ જતાં કદાચ આખી વાત 'ડમ્પ' પણ થઈ જાય !?.. આ તો રાજકારણ છે ભાઈ, એમાં તો રાજ કરવાનું કારણ મળવું જોઈએ, બસ..

મૂળમાં છે શબ્દ: 'ભ્રષ્ટાચાર' એટલે કે 'કરપ્શન'. ભિખારીએ પણ શાંતિથી ભીખ માંગવા માટે હપ્તા દેવા પડે અને દેશી દારૂની કોથળી વેંચનારે પણ છેક ગૃહખાતાં સુધી હપ્તા ખવરાવવા પડે છે, એવું આ દેશમાં, હજી નહીં જન્મેલું બાળક પણ જાણે છે !. 'કરપ્ટ' શબ્દનો શબ્દકોશીય અર્થ સ્પષ્ટ છે: બગડેલું, સડેલું, નીતિભ્રષ્ટ, લાંચિયું.. ભ્રષ્ટ કરવું તે ભ્રષ્ટાચાર.. હવે, વાત

અહીં આવીને અટકે છે: ભ્રષ્ટાચાર એટલે શું માત્ર નાણાંની લેવડદેવડથી જ થતો આચાર ?! નીતિ-નિયમ મુજબ કરવાનું થતું કામ ન કરીને, નાણાં પડાવે અને પછી તે જ કામ કરે તેને આપણે ભ્રષ્ટાચાર કહીશું, ખરું ને ?. જંતર મંતર પર ઉમટી પડેલાને મન તો ભ્રષ્ટાચારની વ્યાખ્યા આટલી જ ને ? નાણાં પડાવે તે કરપ્ટ ગણાય તો નાણાં આપે અને વચ્ચે રહી નાણાં આપવાનું ગોઠવી આપે તે કરપ્ટ ખરા કે નહીં ?.

એક કોર્પોરેટ મેનેજમેન્ટ ફર્મના એકાઉન્ટન્ટને તેના જ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સી.એ.) દ્વારા વારંવાર કહેવાયું કે: 'તમારી ફર્મનું છેલ્લા ત્રણેક વર્ષનું ટેક્સ રિફંડ મંજૂર થઈ ગયું છે, પણ તે રિફંડના ચેક મેળવવા માટે વર્ષદીઠ પાંચ હજાર રોકડા આપવા પડશે !.' મેનેજમેન્ટ ફર્મના સી.ઈ.ઓ. પ્રેક્ટીકલ ખરા પણ તેણે તેના સી.એ.ને ફોન લગાવી પૂછ્યું: 'ઇન્કમટેક્સ ડિપાર્ટમેન્ટમાં પૈસા દો તો જ રિફંડનો ચેક મળે તેવું તમે મારા સી.એ. હોવા છતાં મને સમજાવો છો તો તમે કોના વતી કામ કરો છો, અમારી ફર્મ વતી કે પેલા આઈ.ટી.ના કરપ્ટ કર્મચારી વતી ?.' સી.એ. જેવડી મોટી ડિગ્રી ધરાવતા એ પ્રોફેશનલે લાંબું ભાષણ કરી દેશની હાલની ભ્રષ્ટ નીતિઓની ઝાટકણી કાઢી અને પૈસા આપ્યા વગર કામ નહીં જ થાય તેવી શ્રદ્ધા (?) વ્યક્ત કરી. પેલા સી.ઈ.ઓ.એ સી.એ. મહાશયને સુણાવી દીધું: 'જુઓ મિસ્ટર, રીફંડ જેટલું મોડું આવે, એટલું વ્યાજ મને સરકારે ચૂકવવું પડે. મારે રીફંડ જોઈતું જ નથી, ભલે ને દસ વર્ષે આવે !.' વાત સાંભળીને સી.એ. સાહેબ સીચાંવીચાં થઈ ગયા અને કરગરવા લાગ્યા: તમે એકવાર રીફંડના ચેક માટે પૂછો અને ફોલોઅપ કરો એટલે તમારે ઉપરનાં પૈસા તો દેવા જ પડે.. સાહેબ, તમે નહીં દો તો મારે પણ ખિસ્સામાંથી દેવા જ પડશે, નહીં તો તમારું તો ઠીક પણ અમારી ફર્મનું એકેય કામ પછીથી નહીં થાય..' પછી શું થયું, તેની ચિંતામાં પડ્યા વગર આ વાતને અહીં અટકાવું છું.. પણ ખરેખર વાત અહીં અટકતી નથી, અહીંથી શરૂ થાય છે!! રીફંડના ચેકને છૂટો કરવા માટે થોડા રૂપિયા માંગતો પેલો ક્લાર્ક કરપ્ટ છે ? કે મસ મોટી ડિગ્રી ધરાવતો અને કરપ્શનની આખી ચેઇનને ચાલતી રાખનારો સી.એ. કરપ્ટ છે ?. કે પછી આખી સિસ્ટમ

SAGAR
PAGE NO.
DATE: / /



કરાર છે ! વ્યવસાય કે ધંધો કરનાર ટી.ડી.એસ.ના નાણાંની કપાત કરે, સામે ચાલીને બેંકમાં ભરે, વર્ષાન્તે ઑડિટ કરાવી તે નાણાં પરત મળવા યોગ્ય છે તેવું સિદ્ધ કરે, ચાર-પાંચ વર્ષે નાણાં આઈ.ટી. ખાતું છૂટા કરે અને તેના માટે પાછા 'ઉપરનાં પૈસા' આપવા પડશે તેવું સી.એ. મહાશય તમને સમજાવે !.. આખી વ્યવસ્થાને જ આપણે ભ્રષ્ટ રીતે નથી ગોઠવી ?.

'જે હોદ્દા પર હું બેઠો છું, તે હોદ્દા પરથી જે કામ કરવાની મારી ફરજ છે તેમાં હું લેશમાત્ર દગડાઈ કરું તો હું ભ્રષ્ટાચારી છું..' આ વ્યાખ્યામાં નાણું જ વચ્ચે આવે તો જ હું ભ્રષ્ટાચારી ઠરું તેવું ભારત દેશમાં માનવામાં આવે છે, જે સરાસર ગલત છે.. અને એ જો સ્વીકારીએ તો આપણે સૌ થોડા ઘણાં અંશે ભ્રષ્ટ લોકો છીએ.. આંચકો લાગ્યો ને ? કડવું સત્ય ન ગમ્યું ?. તો વાંચો આ યાદી.. હું કર્મચારી છું અને કર્મચારી છું તેથી મારે નોકરીના નીતિ નિયમોનું પાલન કરવાનું છે. હું નિયમિત રીતે અનિયમિત છું, સમયસર ફરજ પર જતો નથી, કોઈ નોંધ લેનાર ન હોય તો પૂરો સમય ફરજ પર હાજર રહેતો નથી, મારી પાસે કોઈ કામ લઈને આવે તો હું તેને આદરથી આવકારતો નથી- તેને લાંબો સમય બેસાડી રાખું છું - સરખો જવાબ આપતો નથી- તેને ધક્કા ખવરાવવાનું ચૂકતો નથી, મહિને ત્રણ-ચાર વખત સાંજ પડે ઉઠમણું / બેસણું / પ્રાર્થનાસભાનું બહાનું કાઢી વહેલો શાકભાજી લેવા જતો રહું છું, ચાલુ નોકરીએ પાંચ-છ વખત ચા પીવા કે નાસ્તો કરવાના બહાને આંટાફેરા કરું છું, (સચિવાલય કે બહુમાળી ભવનનો કર્મચારી હોઉં તો તો કામ કરાવવા આવનારના પૈસે દાળવડાં કે ખારી ખાવાનું હું ચૂકતો નથી) ઑફિસના કાગળ-પેન-પેન્સિલ- સ્ટેશનરી ઘરનાં છોકરાંવ માટે બિન્દાસ્ત પણે લઈ જઉં છું, નોકરીમાં હાજરી પૂરી મારા સંપ્રદાયના ધર્મસ્થાનની કે સમાજસેવાની કે મંડળ-કમંડળની સેવાપ્રવૃત્તિઓમાં સમય ગાળું છું... કસ્ટમર સામે ઊભો હોય તેની દરકાર કર્યા વગર મોબાઈલ પર વાતો કરું છું કે ઑફિસનાં કોમ્પ્યુટર પર પાનાં રમું છું કે પછી પાન-માવાનો ડૂચ્ચો ભરી ઑફિસની ડસ્ટબિનમાં થૂંક્યા કરું છું કે પછી કાર્યાલયની ગાદીઓ પાથરી આરામ ફરમાવું છું અથવા તો

SAGAR
PAGE NO.
DATE: / /



અર્ધાં કલાકની જમવાની રિસેસની તૈયારી કરવામાં એક કલાક અને જમ્યા પછીની હળવાશની બીજી અર્ધો કલાક પ્રેમથી ભેળવી રોજ બે'ક કલાક ફરજમાંથી કાતરી લઉં છું.!!. યાદી બહુ લાંબી બને તેમ છે અને વિવિધતાસભર પણ બને તેમ છે અને જો આપણે અહીં વર્ણવ્યો તે કર્મચારી સરકારી ખાતું કે નેશનલાઇઝ્ડ બેંકનો કર્મચારી હોય તો તો કામચોરીની ન પૂછો વાત.. સાહેબ, આ ડગડાઈ કે આ કામચોરી ભ્રષ્ટાચારની વ્યાખ્યામાં આવે કે ન આવે ?. આમાં ભલે ક્યાંય નાણું વચ્ચે ન આવ્યું છતાં આ બધું બારોબાર ભ્રષ્ટાચાર છે. ઓક્સફર્ડ ડિક્શનેરી 'કરપ્ટ' એટલે 'નીતિભ્રષ્ટ' અર્થ કરે છે..'તમે કોઈ કામ સ્વીકારતી વખતે જાણે-અજાણ્યે જે નીતિ-નિયમોથી બદ્ધ થયા તેનાથી ચલિત થવું તે કરપ્શન કે ભ્રષ્ટાચાર છે..' બોલો, આ વ્યાખ્યાને ભ્રષ્ટાચારની આપણી વ્યાખ્યા તરીકે સ્વીકારીશું ?. અને જો સ્વીકારીએ તો, ચાલો આપણે સૌ યાદી બનાવી જાત મેળે નક્કી કરીએ કે આપણે કેટલી માત્રામાં ભ્રષ્ટાચારીઓ છીએ ?. આપણને જવાબ મળશે:

અપને આપકો જિન્દા રખના કિતના મુશ્કિલ હૈ,
પથ્થર બિચ આયના રખના કિતના મુશ્કિલ હૈ ।

આપણને કોઠે પડી ગયું છે આ બધું. આપણી ગળથૂથીમાં પાવામાં આવી રહ્યું છે અનીતિમય હોવું.. મારું ભૂલકું ગેરકાયદે ફીટ કરેલી ગેસકીટવાળી મારુતિવાનમાં ઠાંસોઠાંસ ખડકાયને સ્કૂલે જાય છે. મારું બાળક મને સાંજે કહે છે: આજે અમારા ડ્રાયવર અંકલને પોલીસે રોક્યા, બહુ માથાકૂટ કરી, પછી અમારા ડ્રાયવર અંકલે સો રૂપિયા પોલીસ અંકલના ખિસ્સામાં મુક્યા એટલે અમારી વાન ઉપડી અને વાન ઉપડી એટલે અમે બધાએ 'જય હો.. જય હો'નું ગીત જોરથી ગાયું !!..હમણાં દક્ષિણ ગુજરાતની એક બી.એડ્. કૉલેજ (ગ્રાંટેડ)નું સુવેનિર બહાર પડ્યું છે. તેમાં નીતિમત્તા અને મૂલ્યશિક્ષણ પરના લેખો છે અને છેલ્લે ફોટાઓ છે. પાંચ બી.એડ્.ના તાલીમાર્થીઓના પણ રંગીન ફોટા નામ સાથે છે. તેઓની સિદ્ધિ શી છે, ખબર છે ?. આ સુવેનિર (વાર્ષિક અંક) માટે વધુમાં વધુ જાહેરખબરો ઉઘરાવી લાવનાર તાલીમાર્થીઓમાં મોખરે રહેનાર આ પાંચ તારલાઓ છે !?...હવે, બોલો પેલું ભૂલકું કે બી.એડ્. થઈ કાલે શિક્ષક થઈ જનારને ભ્રષ્ટાચાર શીખવવાની કોઈ અલગ વ્યવસ્થાની જરૂર છે !!?.. આપણી રગેરગમાં-નસેનસમાં ભ્રષ્ટાચાર વ્યાપ્ત છે, ત્યારે કેટલા અન્નાહજારે જોઈશે ?.